# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 25-07-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ

રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 55 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. કચ્છ વિસ્તારમાં સૌથી વધુ 64 ટકા વરસાદ વરસ્યો છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરની યાદીમાં જણાવ્યા અનુસાર રાજ્યમાં 28 જળાશય સંપૂર્ણ ભરાયા છે. આ ઉપરાંત 48 જળાશયને હાઈ એલર્ટ, 19 ને એલર્ટ તથા 23 જળાશયને ચેતવણી આપવામાં આવી છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં હાલ 59.42 ટકા જેટલો જળસંગ્રહ થયો છે.

રાજ્યમાં કુલ ૨૦૬ ડેમો પૈકી ૬૨ ડેમ ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૪૧ ડેમ ૫૦ ટકાથી ૭૦ ટકા તથા ૩૮ ડેમ ૨૫ ટકાથી ૫૦ ટકા જેટલા ભરાયા છે. આજે રાજ્યના 35 તાલુકામાં વરસાદ નોંધાયો છે.

**---------------------------------------------------------------------------------------**

## કચ્છમાં વરસાદી માહોલ

છેલ્લા થોડા દિવસોથી કચ્છમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધ્યું છે. બંગાળની ખાડીમાં સર્જાયેલ વરસાદી સિસ્ટમની અસર તળે રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં છુટાછવાયાં વરસાદ વરસી રહ્યો છે ત્યારે આજે સવારે ભારે ઉકળાટ બાદ અંજાર અને ભુજ પંથકમાં છુટાછવાયાં વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા છે. અંજારમાં સવારે ૧૧ વાગ્યે વરસાદી ઝાપટું વરસતા માર્ગ પર પાણી વહી નીકળ્યા હતા. જયારે, બપોરે ૧ વાગ્યાના અરસામાં ભુજ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છાંટા કે ઝાપટા સ્વરૂપે વરસાદ થયો હતો.

દરમ્યાન, મેઘ માહોલ વચ્ચે આજે સવારે ભુજ-નખત્રાણા વચ્ચેના માંગવાણા પાસે ડુંગર પર છવાયેલા વાદળોની ઘેરાબંધીથી આહ્લાદક દૃશ્ય જોવા મળ્યું હતું. અગાઉ પડેલા વરસાદ બાદ ખીલી ઉઠેલી હરિયાળી વચ્ચે શોભતા ડુંગર ઉપર અવતરણ કરતા વાદળો નજીકના હાઇવે પરથી પસાર થતા લોકો માટે મનમોહક નજારો બની રહ્યા હતા.

------------------------------------------------------------------------------------------------

## કૃષિ યાંત્રિકીકરણ યોજના માટે ઓનલાઇન અરજી

બાગાયત ખાતા દ્વારા ખેડૂતો માટે વર્ષ ૨૦૨૫-૨૬માં કૃષિ યાંત્રિકીકરણની નવી યોજના શરૂ કરવામાં આવેલ છે. જે અંતર્ગત યોજનાની સહાય મેળવવા માટે ઈચ્છુક ખેડૂતો આજથી ૮ ઓગસ્ટ સુધીમાં આઈ- ખેડૂત પોર્ટલ પર ઓનલાઇન અરજી સાથે જરૂરી સાધનિક પુરાવા અપલોડ કરી યોજનાનો લાભ લઈ શકશે.

આ યોજનામાં ખેડૂતોને મીની ટ્રેક્ટર, મીની રોટાવેટર, મીની કલ્ટીવેટર, મીની પાણીનું ટેંકર અને મીની ટ્રેઇલરની ખરીદી માટે સહાય આપવામાં આવશે. મીની ટ્રેક્ટરની ખરીદી સાથે અન્ય સાધનો પૈકી ઓછામાં ઓછા કોઇ એક સાધનની ખરીદી પર આ સહાય મળવાપાત્ર રહેશે. વધુ માહિતી માટે બહુમાળી ભવન, ભુજ ખાતે નાયબ બાગાયત નિયામકની કચેરીનો સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

------------------------------------------------------------------------------------------------

## તેલીબિયાં ઉત્પાદન વધારવા માટેની યોજના

તેલીબિયાં ઉત્પાદન વધારવા માટેની કેન્દ્ર સરકારની નેશનલ મિશન ઓન એડીબલ ઓઇલ-ઓઇલસીડ યોજના અંતર્ગત ખેતીવાડી વિભાગ દ્વારા કચ્છ જિલ્લામાં ખેડૂતોને પ્રમાણિત બીજ વિતરણ ઘટક હેઠળ દિવેલા તથા તલના બિયારણનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં આ ખેડૂત તાલીમનું આયોજન કરી ખેડૂતોને જરૂરી માહિતી સાથે પદ્ધતિસરની તાલીમ આપવામાં આવશે. આ યોજના હેઠળ તેલીબિયાં પાકોનું વાવેતર વધશે તેમજ ઉત્પાદન વધારવામાં આ યોજના ખૂબજ ઉપયોગી સાબિત થશે. જેથી, ખેડૂતોને આ યોજનાનો બહોળા

પ્રમાણમાં લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. જરૂરી માર્ગદર્શન માટે ગ્રામસેવકનો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની અખબાર યાદીમાં જણાવાયું છે.

------------------------------------------------------------------------------------------

## આયુષ્યમાન કાર્ડ બનાવવાની ઝુંબેશ

જિલ્લાના આરોગ્ય તંત્ર દ્વારા અંતરિયાળ વિસ્તારો, વાડી વિસ્તાર તેમજ ઔદ્યોગિક વસાહતોમાં આયુષ્યમાન કાર્ડ બનાવી આપવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. જેમાં આશાબહેનો, ફિમેલ હેલ્થવર્કર અને સીએચઓ દ્વારા ઘરો-ઘર રૂબરૂ જઈને લાભાર્થીઓના કાર્ડ બનાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ૭૦ વર્ષ અને તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો તથા NFSA લાભાર્થીઓને આ ઝુંબેશ અંતર્ગત લાભ આપવામાં આવ્યો હતો.

જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમે  કર્મચારીઓ દ્વારા કારાયેલી આ કામગીરીને બિરદાવી હતી તેમજ જિલ્લામાં કોઈ પણ લાભાર્થી આ નોંધણીથી વંચિત ન રહે તેની તકેદારી રાખવા જણાવ્યું હતું.

------------------------------------------------------------------------------------------

## પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ

હિન્દુ ધર્મનો વિશેષ આસ્થા અને શ્રધ્ધાનો માસ એટલે શ્રાવણ માસનો આજથી પ્રારંભ થયો છે. આજે વહેલી સવારથી ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં આવેલા શિવાલયોમાં ભાવિકોની ભીડ જોવા મળી હતી. મંદિરોમાં પુજા, અર્ચના, મહાઆરતી, મહાપ્રસાદ, લઘુરુદ્ર યજ્ઞ, શિવકથા સહિતના ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે.

પૂર્વ કચ્છમાં કંથકોટથી પશ્ચિમમાં કોટેશ્વર સુધી જીલ્લાભરમાં વહેલી સવારથી જ ભકિત ભાવનો માહોલ રચાયો હતો. ભુજ નજીક આવેલાં સુરલભીટ્ટનાં રમણીય સ્થળે સવારે ભાવિકો ઉમટ્યા હતા. દર સોમવારે આ સ્થળે  મેળો ભરાશે.

------------------------------------------------------------------------------------------

## ધોળાવીરા ખાતે સાંસ્કૃતિક-લોકડાયરાનો કાર્યક્રમ

ધોળાવીરા ખાતે કચ્છી લોકવાદ્યો અને લોકસંગીતનો સાંસ્કૃતિક-લોકડાયરાનો કાર્યક્રમ આગામી ૨૮ જુલાઇએ સાંજે યોજાશે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી યોજાનાર આ કાર્યક્રમમાં કચ્છી આરાધી ભજન ગ્રુપ, ભીરંડીયારા દ્વારા લોકસંગીત તથા લોકવાદ્યોની રમઝટ બોલાવવામાં આવશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## સ્વચ્છ ભારત મિશન : ગ્રામીણ – તાલીમ

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે સ્વચ્છ ભારત મિશન ગ્રામીણના તાલુકા અને ગ્રામ્ય કક્ષાના કર્મચારીઓની એક દિવસીય રિફ્રેશર તાલીમનું આયોજન ભુજ તાલુકા પંચાયત કચેરી ખાતે કરવામાં આવ્યું હતું.

સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ યોજનાના જિલ્લાના તમામ તાલુકાના તાલુકા કો-ઓર્ડીનેટર, તાલુકા એન્જિનીયર અને ક્લસ્ટર કો-ઓર્ડીનેટર આ તાલીમમાં જોડાયા હતા. આ તાલીમમાં ગ્રામકક્ષાએ ઘન અને પ્રવાહી કચરાનું યોગ્ય, સુચારૂ અને કાયમી નિકાલ કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ‘કૃષિ પ્રગતિ’ મોબાઇલ એપ્લિકેશન

ખેડૂતો માટે કૃષિ વિભાગ દ્વારા ખાસ 'કૃષિ પ્રગતિ' મોબાઈલ એપ્લિકેશન બનાવવામાં આવી છે. આ એપ્લિકેશન દ્વારા ખેડૂતો ખેતીને લગતી તમામ મહત્વપૂર્ણ માહિતી એક જ જગ્યાએથી ઝડપથી અને સરળતાથી મેળવી શકે છે. પાકની વાવણીથી લઈને કાપણી સુધીના દરેક તબક્કે ખેતી આધારિત માહિતી આ એપમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

જેથી, જિલ્લાના તમામ ખેડૂતોને કૃષિ પ્રગતિ એપ્લીકેશન ડાઉનલોડ કરી ખેતીલક્ષી વિવિધ ફાયદાઓ મેળવવા અનુરોધ કરવામાં આવ્યો છે. ગુગલ પ્લેસ્ટોર અથવા આઈ-ફોન પર એપ સ્ટોર પર જઈને આ એપ ડાઉનલોડ કરી શકાય છે.

---